પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૭૧ | ૧૩ ડિસેમ્બર, ૨૦૨૨, મંગળવાર; માગશર વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ભૂપેન્દ્રભાઈ સરકારનો રાજ્યાભિષેક

**૮ કેબિનેટ મંત્રીશ્રી, ૨ રાજ્યકક્ષાના સ્વતંત્ર પ્રભાર, ૬ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓએ પણ શપથ ગ્રહણ કર્યા : વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે. પી. નડ્ડાની પ્રેરક ઉપસ્થિતી : કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ, કેન્દ્રીય રક્ષામંત્રીશ્રી રાજનાથ સિંહ સહિતના ૧૦ થી વધુ કેન્દ્રીય મંત્રીશ્રીઓની ઉપસ્થિતિ : ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથજી, મધ્યપ્રદેશના મુખ્યમંત્રીશ્રી શિવરાજસિંહ ચૌહાણ અને ગોવાના મુખ્યમંત્રીશ્રી પ્રમોદ સાવંત સહિત ભાજપા શાસિત રાજ્યોના અને એન.ડી.એ. સમર્થિત પક્ષોના રાજ્યોના મુખ્યમંત્રીઓની વિશેષ ઉપસ્થિતિ : સંતો-મહંતો-ધર્માચાર્યોએ ઉપસ્થિત રહી આશીર્વાદ વરસાવ્યા**







ગાંધીનગર, તા.૧૨

રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પદનામિત શ્રી ભૂપેન્દ્ર પટેલને આજે સતત બીજીવાર મુખ્યમંત્રીશ્રી તરીકેના હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં યોજાયેલા શ્રી ભૂપેન્દ્ર પટેલના આ શપથવિધિ સમારોહમાં રાજયપાલશ્રીએ રાજ્ય મંત્રીમંડળના કેબિનેટ કક્ષાના ૮ અને રાજ્ય કક્ષાના ૨ પદમાનિત મંત્રીશ્રીઓને સ્વતંત્ર પ્રભાર તથા ૬ પદનામિત મંત્રીશ્રીઓને રાજ્યકક્ષાના મંત્રી તરીકે હોદ્દો અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતાં.

રાજયપાલશ્રી સમક્ષ કેબિનેટ મંત્રી તરીકે શ્રી કનુભાઈ દેસાઈ, શ્રી ઋષિકેશભાઈ પટેલ, શ્રી રાઘવજીભાઈ પટેલ, શ્રી બળવંતસિંહ રાજપૂત, શ્રી કુંવરજીભાઈ બાવળિયા, શ્રી મુળુભાઈ બેરા, શ્રી કુબેરભાઈ ડિંડોર અને શ્રીમતી ભાનુબહેન બાબરિયાએ હોદ્દા અને ગુપ્તતાના શપથ લીધા હતા.

જ્યારે રાજ્યકક્ષાના મંત્રી તરીકે શ્રી હર્ષ સંઘવી(સ્વતંત્ર હવાલો), શ્રી જગદીશ વિશ્વકર્મા(સ્વતંત્ર હવાલો) તેમજ શ્રી પુરુષોત્તમભાઈ સોલંકી, શ્રી બચુભાઈ ખાબડ, શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી પ્રફુલ્લ પાનસેરિયા, શ્રી ભિખુસિંહજી પરમાર અને શ્રી કુંવરજીભાઈ હળપતીએ શપથ લીધા હતા.

આ શપથવિધિ સમારોહમાં ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી. નડ્ડા ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય મંત્રી પરિષદના મંત્રીશ્રીઓ, શ્રી અમિતભાઈ શાહ, શ્રી રાજનાથસિંહ, શ્રી સર્બાનંદ સોનોવાલ, શ્રી પુષ્પતી કુમાર પારસ, શ્રી મનસુખ માંડવીયા, શ્રી ભૂપેન્દ્ર યાદવ, શ્રી પુરુષોત્તમ રૂપાલા, શ્રી મહેન્દ્રનાથ પાંડે, શ્રી ફગ્ગનસિંહ કુલસ્તે, શ્રીમતી દર્શનાબહેન જરદોશ, શ્રી દેવુસિંહ ચૌહાણ, ડો. મહેન્દ્રભાઈ મુંજપરા, શ્રી રામદાસ આઠવલે, શ્રીમતી અનુપ્રિયા પટેલ વગેરેની પણ વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

આ ઉપરાંત ભારતીય જનતા પાર્ટી શાસિત રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ ઉત્તરપ્રદેશના શ્રી યોગી આદિત્યનાથ, મધ્યપ્રદેશના શ્રી શિવરાજસિંહ ચૌહાણ, અરુણાચલ પ્રદેશના શ્રી પ્રેમા ખાંડૂ, ઉત્તરાખંડના શ્રી પુષ્કરસિંહ ધામી, હરિયાણાના શ્રી મનોહરલાલ ખટ્ટર, ગોવાના શ્રી પ્રમોદ સાવંત, કર્ણાટકના શ્રી બસવરાજ બોમ્મઈ, ત્રિપુરાના શ્રી માણિક સહા, મણિપુરના શ્રી એન. બિરેનસિંહ અને આસામના મુખ્યમંત્રીશ્રી ડો. હિંમતા બિસ્વા શર્મા આ શપથવિધિ સમારોહના સાક્ષી બન્યા હતા.

એન.ડી.એ સમર્થિત પક્ષોની રાજ્ય સરકારોના મુખ્યમંત્રીશ્રીઓમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી એકનાદ શિંદે સહિતના મુખ્યમંત્રીશ્રીઓ આ અવસરે સહભાગી થયા હતા.

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રીશ્રી દેવેન્દ્ર ફડણવીસ, ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રીશ્રી

● અનુસંધાન પાન-૭ પર

## અનિલ દેશમુખના જામીન બાદ ૧૦ મિનિટમાં જ આદેશ પર સ્ટે

નવી દિલ્હી, તા.૧૨

મહારાષ્ટ્રના પૂર્વ ગૃહપ્રધાન અનિલ દેશમુખની જેલમાંથી બહાર આવવાની આશા ફરી એકવાર ધૂળ ખાઈ ગઈ છે. આ વખતે જામીન પણ મંજૂર કરવામાં આવ્યા હતા પરંતુ સીબીઆઈની છેલ્લી દલીલે ૧૦ મિનિટમાં જ ખેલ ફેરવી નાખ્યો હતો. દેશમુખને જામીન મળ્યા બાદ, સીબીઆઈએ હાઈકોર્ટને સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવા કહ્યું, જેના પછી કોર્ટે તેમને મંજૂરી આપી અને આ સંદર્ભમાં પોતાના આદેશ પર ૧૦ દિવસ માટે સ્ટે આપ્યો. દેશમુખ લગભગ ૧૩ મહિનાથી ન્યાયિક કસ્ટડીમાં છે. દેશમુખ એક જ આરોપમાંથી ઉદ્ભવતા બે તપાસમાં સંડોવાયેલા છે - એક ભ્રષ્ટાચારના ગુના માટે સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા અને બીજી મની લોન્ડરિંગના ગુના માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા. જોકે, દેશમુખને મની લોન્ડરિંગ કેસમાં બોમ્બે હાઈકોર્ટે ૪ ઓક્ટોબરે જામીન આપ્યા હતા. પરંતુ સીબીઆઈ કેસમાં સ્પેશિયલ કોર્ટે તેમને જામીન આપવાનો ઈનકાર કર્યો હતો.

## કાબુલમાં બે બોમ્બ વિસ્ફોટ ચીનના નાગરિકો જ ટાર્ગેટ

**હુમલાખોરો ફાયરિંગ કરતાં કરતાં હોટેલની અંદર જતા રહ્યા હતા અને ત્યારબાદ તેમણે વિસ્ફોટ કર્યાં હતા**

કાબુલ, તા.૧૨

અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં સોમવારે બે જોરદાર વિસ્ફોટ થયા છે. આ વિસ્ફોટ ચીનના નાગરિકોની ઉપસ્થિતિ વાળા વિસ્તારોમાં થયા છે.



સ્થાનિક લોકોના જણાવ્યા પ્રમાણે આ ઘટનામાં ખૂબ જ મોટો અવાજ આવ્યો હતો. બોમ્બ વિસ્ફોટ થવા ઉપરાંત અહીં બંદૂકો ચાલવાનો અવાજ પણ સાંભળવા મળ્યો હતો. જે સ્થળે આ ઘટના બની છે તે ખૂબ જ સઘન સુરક્ષા વ્યવસ્થા ધરાવતો વિસ્તાર છે. મળતી માહિતી પ્રમાણે હુમલાખોરોએ ચીનના નાગરિકો જ્યાં રહે છે તે હોટેલને નિશાન બનાવી છે.

જે સ્થળ પર આ બોમ્બ વિસ્ફોટ થયો હતો તે કાબુલ લોંગન હોટલ છે. અહીં એક મલ્ટીસ્ટોરી કોમ્પલેક્ષ છે. અહીં અફઘાનિસ્તાનમાં આવતા ચીનના નાગરિકો રોકાય છે. અફઘાનિસ્તાનના ટોલો ન્યૂઝે પણ આ વિસ્ફોટને લઈ પુષ્ટી કરી છે. શહર-એ-નવાના નિવાસીઓએ અહીં વિસ્ફોટ અને મોટાપાયે ફાયરિંગ થયાની વાતને સ્વીકારી છે. જોકે ઘટનાને લઈ હજુ સુધી સુરક્ષા અધિકારીઓ તરફથી કોઈ નિવેદન આવ્યું નથી. અત્રે ઉલ્લેખનીય છે કે અફઘાનિસ્તાનમાં તાલીબાન સત્તામાં આવ્યા બાદ મોટાપાયે ચીનના વેપારીઓ અહીં આવી રહ્યા છે. તેઓ બેઈજીંગે પણ તાલીબાનને સત્તાવાર રીતે માન્યતા નહીં આપવા છતાં અહીં પોતાની એમ્બેસી યથાવત રાખી છે. બીજી બાજુ અફઘાનિસ્તાનના પોલીસ તથા સુરક્ષા એજન્સીઓ ઘટના સ્થળ પર પહોંચી ગઈ છે અને હોટેલને ચોતરફથી ઘેરી લીધી છે. મળતી માહિતી પ્રમાણે હુમલાખોરો ફાયરિંગ કરતાં કરતાં હોટેલની અંદર જતા રહ્યા હતા.

## મંત્રીઓના વિભાગોની ફાળવણી

| નામ | હોદ્દો | વિભાગ ફાળવણી |
|---|---|---|
| શ્રી ભૂપેન્દ્ર પટેલ | મુખ્યમંત્રીશ્રી | સામાન્ય વહીવટ, વહીવટી સુધારણા, તાલીમ અને આયોજન, ગૃહ અને પોલીસ હાઉસીંગ, મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, પંચાયત, માર્ગ અને મકાન અને પાટનગર યોજના, ખાણ અને ખનિજ, યાત્રાધામ વિકાસ, નર્મદા અને કલ્પસર, બંદરો, માહિતી અને પ્રસારણ, નશાબંધી અને આબકારી, વિજ્ઞાન અને પ્રૌધોગિકી, તમામ નીતિ વિષયક બાબતો અને અન્ય મંત્રીશ્રીઓને ન ફાળવેલ વિષયો |
| **કેબીનેટ મંત્રીશ્રીઓ** | | |
| શ્રી કનુભાઈ મોહનભાઈ દેસાઈ | મંત્રીશ્રી | નાણા, ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ |
| શ્રી ઋષિકેશભાઈ પટેલ | મંત્રીશ્રી | આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો |
| શ્રી રાઘવજીભાઈ પટેલ | મંત્રીશ્રી | કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન , મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ, |
| શ્રી બળવંતસિંહ રાજપુત | મંત્રીશ્રી | ઉદ્યોગ, લઘુ, શુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટીર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર |
| શ્રી કુંવરજીભાઈ બાવળીયા | મંત્રીશ્રી | જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો |
| શ્રી મુળુભાઈ બેરા | મંત્રીશ્રી | પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ |
| ડો. કુબેરભાઈ ડીંડોર | મંત્રીશ્રી | આદિજાતી વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ |
| શ્રીમતી ભાનુબેન બાબરીયા | મંત્રીશ્રી | સામાજિક ન્યાય અને અધિકારીતા, મહિલા અને બાળ કલ્યાણ |
| **રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ** | | |
| શ્રી હર્ષ સંઘવી | રા. ક. મંત્રીશ્રી | રમત ગમત અને યુવક સેવા, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, વાહનવ્યવહાર, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, જેલ, સરહદી સુરક્ષા (તમામ સ્વતંત્ર હવાલો), ગૃહ અને પોલીસ હાઉસીંગ, ઉદ્યોગ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (રાજ્ય કક્ષા) |
| શ્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ) | રા. ક. મંત્રીશ્રી | સહકાર, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી, પ્રોટોકોલ, (તમામ સ્વંતત્ર હવાલો), લઘુ, શુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટીર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન (રાજ્ય કક્ષા) |
| શ્રી પરષોત્તમ સોલંકી | રા. ક. મંત્રીશ્રી | મત્સ્યોદ્યોગ અને પશુપાલન |
| શ્રી બચુભાઈ મગનભાઈ ખાબડ | રા. ક. મંત્રીશ્રી | પંચાયત, કૃષિ |
| શ્રી મુકેશભાઈ જે. પટેલ | રા. ક. મંત્રીશ્રી | વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠા |
| શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા | રા. ક. મંત્રીશ્રી | સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ |
| શ્રી ભીખુસિંહ ચતુરસિંહ પરમાર | રા. ક. મંત્રીશ્રી | અન્ન અને નાગરિક પુરવઠા, સામાજિક ન્યાય અને અધિકારીતા |
| શ્રી કુંવરજીભાઈ હળપતી | રા. ક. મંત્રીશ્રી | આદિજાતી વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ |

## અરુણાચલના તવાંગમાં ભારત-ચીનના સૈનિકો વચ્ચે થઈ ઝપાઝપી

**ઝપાઝપીમાં અનેક સુરક્ષા કર્મી થયા ઈજાગ્રસ્ત : ચીનના સૈનિકોની એન્ટ્રીનો ભારતીય સૈનિકોએ જોરદાર વિરોધ કર્યો તેને પગલે બન્ને દેશના સૈનિકો વચ્ચે ઝપાઝપી**

નવી દિલ્હી, તા.૧૨

અરુણાચલ પ્રદેશમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે ઝપાઝપી થઈ છે. આ ઘટનામાં બન્ને પક્ષે સૈનિકો ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટના તવાંગ જિલ્લાના યંગસ્ટેમાં થઈ છે.

સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે આ ઘટના ૯ ડિસેમ્બર,૨૦૨૨ના રોજ સર્જાઈ હતી. મળતી માહિતી પ્રમાણે પીપલ્સ લિબરેશન આર્મી ન્છઝ સુધી પહોંચી હતી. ચીનના સૈનિકોનો ભારતીય સૈનિકોએ બહાદુરીથી સામનો કર્યો હતો. આ સ્થિતિમાં બન્ને સેના વચ્ચે ઝપાઝપી થઈ હતી. આ ઘટનામાં ૨૦થી ૩૦ સૈનિકો ઈજાગ્રસ્ત થયા હતા.

સંરક્ષણ મંત્રાલના જણાવ્યા પ્રમાણે બન્ને દેશના સૈનિકો થોડીવારમાં જ ઘટના સ્થળથી પીછેહઠ કરી હતી. ઘટના બાદ ઈન્ડિયન આર્મીના કમાન્ડર અને ચીનના કમાન્ડર નિર્ધારિત પ્રક્રિયા પ્રમાણે ફ્લેગ મિટીંગ કરી હતી, જેથી શાંતિપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે.

## ભારતીય શેરબજારમાં ડિસેમ્બરમાં અત્યાર સુધીમાં ૪,૫૦૦ કરોડનું રોકાણ

**વિદેશી રોકાણકારોએ ભારતીય બજારમાં વ્યક્ત કર્યો વિશ્વાસ : FPIsએ વ્યાજ દરો અંગે ફેડરલ રિઝર્વના નિર્ણય પહેલા છેલ્લા ૪ સત્રોમાં સ્ટોકમાંથી રૂ. ૩,૩૦૦ કરોડ ઉપાડી લીધા હતા**

નવી દિલ્હી, તા.૧૨

ફરી એકવાર વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોનો ટ્રેન્ડ ભારતીય બજાર તરફ દેખાઈ રહ્યો છે. FPIએ ડિસેમ્બરમાં અત્યાર સુધીમાં ભારતીય શેરબજારોમાં રૂ. ૪,૫૦૦ કરોડનું રોકાણ કર્યું છે. તેમના રોકાણો એવી અટકળો પર આધારિત છે કે વિશ્વભરની મધ્યસ્થ બેંકો, ખાસ કરીને યુએસ ફેડરલ રિઝર્વ, ફુગાવાને હળવી કરવા વચ્ચે વ્યાજ દરમાં વધારા અંગે વધુ કઠોર વલણ અપનાવી શકે છે. જો કે, આ વર્ષની ફેડરલ ઓપન માર્કેટ કમિટીની છેલ્લી બેઠક ૧૩-૧૪ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ યોજાવાની છે. અગાઉ નવેમ્બર મહિનામાં FPIએ રૂ. ૩૬,૨૦૦ કરોડની ખરીદી કરી હતી. ડૉલર ઈન્ડેક્સમાં ઘટાડા વચ્ચે FPI ભારતીય બજારોમાં રોકાણ કરવાનું ચાલુ રાખે છે. હૈંજએ વ્યાજ દરો અંગે ફેડરલ રિઝર્વના નિર્ણય પહેલા છેલ્લા ૪ સત્રોમાં સ્ટોકમાંથી રૂ. ૩,૩૦૦ કરોડ ઉપાડી લીધા હતા. મીડિયા અહેવાલો અનુસાર, FPIજ આગળ જતાં માત્ર થોડાક સારું પ્રદર્શન કરતા ક્ષેત્રોમાં સાધારણ ખરીદી કરી શકે છે. આ કિસ્સામાં, તેઓ નફામાંથી નફો કમાશે. FPIજ ચીન અને દક્ષિણ કોરિયા જેવા સસ્તા બજારોમાં વધુ નાણાંનું રોકાણ કરી શકે છે.

માહિતી અનુસાર, FPIsએ ૧ થી ૯ ડિસેમ્બર વચ્ચે સ્ટોક્સમાં રૂ. ૪,૫૦૦ કરોડનું રોકાણ કર્યું છે. અગાઉ નવેમ્બરમાં વિદેશી રોકાણકારોએ રૂ. ૩૬,૨૩૯ કરોડની ખરીદી કરી હતી. ઓક્ટોબર મહિનામાં તેણે શેરમાંથી ૮ હજાર કરોડ રૂપિયા ઉપાડી લીધા હતા.